# અરવલ્લીમાં વરસાદની હાથતાળીથી જળ સંકટનાં એંધાણ

## જળાશયોનું પાણી રીઝર્વ રાખવા માટે આદેશ : જૂથ યોજનાના પાણી માટે યોગ્ય સંકલન કરવા વિભાગને સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સમગ્ર રાજ્યમાં વરસાદ ખેંચાયો છે. ભરચોમાસે જળાશયો ખાલીખમ રહેતાં ચિંતાજનક સ્થિતિ ઉભી થઈ છે. અરવલ્લી જિલ્લામાં વરસાદની હાથતાળીથી જળાશયો તળીયા ઝાટક થવા લાગ્યાં છે. આગામી સમયમાં વરસાદ ખેંચાય તો પીવાના પાણીનું સંકટ ઉભું થવાના અણસાર છે જેથી ચિંતિત રાજય સરકારે જિલ્લાના જળાશયોમાં જુલાઈ-૨૦૨૨ સુધી પાણીનો જથ્થો રીઝર્વ રાખવા માટે આદેશ આપ્યા છે. જ્યારે જે જૂથ યોજનાઓનું પાણી ગ્રામ્ય વિસ્તારોમાં પુરૂ પાડવામાં આવી રહ્યું છે તેમાં વધુ યોગ્ય સંકલન કરવા માટે પાણી પુરવઠા વિભાગને ખાસ સૂચના આપવામાં આવી છે.

આ વર્ષે શરૂઆતથી ચોમાસુ છેહ આપી રહ્યું છે. સીઝનના આરંભે સાર્વત્રિક વરસાદ વરસતાં ખેડૂતોએ મોંઘદાટ બિયારણ ખેતરોમાં ધરબી ખરીફ વાવેતર કર્યું છે પરંતુ હવે વરસાદ વરસતો ન હોવાથી ખેતી ઉપર આફતના ઓડા ઉતર્યા છે. ખરીફ વાવેતર બચાવાવ માટે ખેડૂતો સિંચાઈનાં પાણી આપી રહ્યા છે પરંતુ માત્ર આકાશી ખેતી કરનારા ખેડૂતોનું બિયારણ અને મહેનત નિષ્ફળ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. જ્યારે ખેતીની સાથે હવે પીવાના પાણીનું સંકટ ઘેરાવવાની દહેશત ખુદ સરકારને સતાવી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળા દરમ્યાન બોરકૂવા અને હેન્ડપંપનાં તળ ઉંડાં જવાથી અસંખ્ય ગામોમાં ૨ થી ૩ દિવસે પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે તેવા સંજોગોમાં જો વરસાદ ધોધમાર સ્વરૂપે નહીં વરસે તો પાણી પાણીના પોકારો નિશ્ચિત બન્યા છે.

જિલ્લામાં ઉભી થયેલી વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા જળાશયોમાં હાલ જે પાણીની સ્થિતિ છે તે આગામી તા.૩૧-૭-૨૦૨૨ સુધી રીઝર્વ રાખવા માટે આદેશ આપવામાં આવ્યા છે. જ્યારે જૂથ યોજનાના પાણીમાં યોગ્ય રીતે સંકલન કરી સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે પાણી પુરવઠા વિભાગને તાકીદ કરવામાં આવી છે. જિલ્લામાં વાત્રક, મેશ્વો, માઝૂમ સહિતના જળાશયોનાં તળીયાં હવે દેખાવવા લાગ્યાં છે જેના કારણે ચિંતાજનક સ્થિતિ નિર્માણ પામતાં આગામી ટૂંક સમયમાં જ પાણી પુરવઠા વિભાગના ચેરમેન આ મુદ્દે જિલ્લા કલેક્ટર તેમજ વિભાગના અન્ય અધિકારીઓ સાથે ઓનલાઈન ચર્ચાવિચારણા કરનાર હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### માર્ગ ઉપર વિશાળ હોડીંગ્સ લાગ્યા

# અરવલ્લીના બાયડમાં કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણની આજે જનઆશીર્વાદ યાત્રા

## બાઈકોના કાફલા સાથે વાજતે ગાજતે હોટલ વૃંદાવનથી બાયડમાં પ્રવેશ કરશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણની જનઆશીર્વાદ યાત્રા ૪ જિલ્લાનો પ્રવાસ કરીને અરવલ્લીમાં પ્રવેશ કર્યો છે. આજે તા.૧૮ ઑગષ્ટે કેન્દ્રીય મંત્રીની બાયડની જનઆશીર્વાદ યાત્રાને સફળ બનાવવા માટે જિલ્લા, તાલુકા અને શહેર મંડલના સંગઠન હોદ્દેદારો તથા પદાધિકારીઓએ તમામ તાકાત કામે લગાડી છે. બાઈકોના કાફલા સાથે વાજતે..ગાજતે જનઆશીર્વાદ યાત્રા માધવકંપાની હોટલ વૃંદાવનથી બાયડમાં પ્રવેશ કરશે. જ્યાં અગાઉથી આયોજીત કાર્યક્રમો પૂર્ણ કર્યા પછી સવારે ૧૧-૩૦ કલાકે જનઆશીર્વાદ યાત્રા ખેડા જિલ્લામાં પ્રવેશ કરવા માટે રવાના થશે. જનઆશીર્વાદ યાત્રા પસાર થવાની છે તે તમામ માર્ગ ઉપર વિશાળ હોડીંગ્સ લગાડવામાં આવ્યા છે.

વિધાનસભાની આવતા વર્ષે યોજાનારી ચૂંટણીને લઈને મુખ્ય રાજકીય પક્ષોએ અત્યારથી તૈયારીઓ શરૂ કરી હોય તેવું ગણિત મંડાઈ રહ્યું છે કેન્દ્રની ભાજપ સરકારમાં ગુજરાતનું પ્રભુત્વ વધ્યું છે. કેન્દ્રની એન.ડી.એ. સરકારમાં ભાજપના ૫ મંત્રીઓનો સમાવેશ થયા પછી તેમની અનેક જિલ્લાઓને આવરી લેતી જનઆશીર્વાદ યાત્રા તા.૧૬ ઑગષ્ટથી શરૂ થઈ છે. રાજ્ય કક્ષાના કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ ઉત્તર ગુજરાત સહિત ખેડા જિલ્લાને આવરી લેતું ૭ જિલ્લાની જનઆશીર્વાદ યાત્રા અંબાજીથી શરૂ થઈ છે. ઠેકઠેકાણે યાત્રાને મળતા વ્યાપક આવકારથી ભાજપ છાવણીમાં ખુશાલી જોવા મળી છે. સાબરકાંઠામાં પણ વ્યાપક કાફલો જનઆશીર્વાદ યાત્રા સાથે વાયા ડેમાઈ થઈ ખેડા જિલ્લામાં પ્રવેશ કરશે. ડેમાઈમાં મંત્રી દ્વારા ૨૦ જેટલા સાધુ-સંતોનું શાલ ઓઢાડીને સન્માન કરવાનો કાર્યક્રમ આયોજીત કરાયો છે. અરવલ્લી




આવકાર પછી આજે અરવલ્લી જિલ્લામાં જનઆશીર્વાદ યાત્રાનું બાયડ વિધાનસભા મતક્ષેત્રને આવરી લેતું આયોજન કરાયું છે. સવારે ૮-૩૦ કલાકે હોટલ વૃંદાવનમાં મંત્રીની પ્રેસ કોન્ફરન્સ ત્યારબાદ બાયડ માર્કેટયાર્ડમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અને ત્યારબાદ શરણાઈ પાર્ટી પ્લોટમાં સવારે ૯-૩૦ કલાકે સભાનું આયોજન કરાયું છે. સભા પૂર્ણ થયા પછી મંત્રીનો જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, સહપ્રભારી ગીરીશભાઈ જગાણીયા, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ સહિત જિલ્લા ભાજપ સંગઠન ટીમ, વિવિધ મોરચાની ટીમો સહિત બાયડ શહેર તેમજ બાયડ તાલુકા ભાજપ સંગઠન ટીમે જનઆશીર્વાદ યાત્રાના રૂટ ઉપરની મુલાકાત લઈ આયોજનને તેની પૂર્વ સંધ્યાએ આખરી ઓપ આપ્યો હતો.

# કોલીખડ પાસે એસ.ટી. બસ સાથે કાર ટકરાઈ

## સદનસીબે જાનહાની ટળી, વાહનોની અવર જવર વચ્ચે અકસ્માત સર્જાતાં ટ્રાફીકજામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

મોડાસા તાલુકાના કોલીખડ પાસે હાઈવે માર્ગ ઉપર પસાર થતી કાર વળાંકમાંથી નિકળી સીધી



એસ.ટી. બસના આગળના ભાગે ધડાકાભેર ટકરાતાં એસ.ટી. બસના મુસાફરોમાં હોહા મચી હતી. સદનસીબે કારચાલક સહિત અન્ય મુસાફરોને ગંભીર ઈજા થઈ ન હોવાથી જાનહાની ટળી પરંતુ વાહનોની અવર જવર વચ્ચે એસ.ટી. બસ અને અકસ્માતગ્રસ્તકાર ખોટકાતાં ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા.

મોડાસા-ધનસુરા-બાયડ હાઈવે માર્ગ ઉપર વાહનોની સંખ્યામાં નોંધપાત્ર થયા પછી અકસ્માતો કાયમી બન્યા છે. વાહનોની ગતિમર્યાદા જળવાતી નથી જેથી અકસ્માત સમયે કલાકો સુધી ટ્રાફીકજામ થતો હોય છે. ગત રોજ સાંજના સમયે મોડાસા એસ.ટી. ડેપોની પાવાગઢ-મોડાસા એસ.ટી. બસ પરત મોડાસા ડેપોમાં જઈ રહી હતી જે સમયે કોલીખડ ગામના પાટીયા નજીક સર્વિસ રોડ ઉપરથી ઓચિંતિ એક કાર સીધી હાઈવે માર્ગ ઉપર આવી જતાં બંન્ને વાહનો ટકરાયા હતા જેમાં કારનો કડુચલો વળ્યો હતો. ૨ વાહનો ટકરાતાં મુસાફરો ગમખ્વાર અકસ્માતથી ફફડી ઉઠ્યા પરંતુ સદનસીબે કોઈ જાનહાની થઈ ન હોવાથી સૌ કોઈએ રાહત અનુભવી હતી. હાઈવે માર્ગ ઉપર સલામત સવારી એસ.ટી.નો અકસ્માત નડ્યો હોવા છતાં બંન્ને પક્ષે સમજૂતી સાધી સમાધાનના પ્રયાસો શરૂ કરાયા છે.

### ચા નો સ્વાદ વધુ કડવો બન્યો

# જિલ્લામાં દૂધ બાદ ખાંડના ભાવમાં કીલોએ બે નો વધારો

## પ્રતિકીલોએ ખાંડનો ભાવ રૂા.૪૦

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

કોરોનાથી માંડ કળ વળી છે ત્યાં મોંઘવારીના મારથી પ્રજા મોંઘવારીના મારથી પ્રજા ત્રાહી ત્રાહી પોકારી છે. અગાઉ દૂધના ભાવમાં વધારો થયો છે ત્યાં હવે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાંડના ભાવમાં પ્રતિકીલોએ રૂા.૨ નો વધારો થયો છે. દૂધ અને ચા ના ભાવ વધારાના કારણે ચા ની ચૂસ્કીનો સ્વાદ કડવો બની શકે છે. જિલ્લામાં પ્રતિકીલોએ ખાંડનો ભાવ રૂા.૪૦ સુધી પહોંચતાં તહેવારોની સીઝનમાં પ્રજાને વધુ એક મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

તહેવારોની સીઝન શરૂ થઈ છે ખાદ્યતેલ અને અન્ય ચીજવસ્તુઓમાં સતત ભાવ વધી રહ્યા છે. ચા ના શોખીનો માટે ફરીથી માઠા દિવસો આવે તેવું લાગી રહ્યું છે. ચા ના પ્રતિકીલોના ભાવમાં રૂા.૨ નો વધારો થયો છે. જિલ્લામાં તહેવારો સમયે તેલના ભાવ ઉકળવા લાગ્યા છે. કપાસીયા અને સીંગતેલના ભાવ સમકક્ષ સપાટીએ પહોંચી ગયા પછી ખાંડમાં ભાવ વધારો ઝીંકાયો છે. કોરોના કાળ પછી ધંધા-રોજગારો પૂર્વવત થયા છે અને મહામારી પછી દેશભરમાં હોટલ, રેસ્ટોરન્ટ, ઉદ્યોગો ધમધમતા થતાં ખાંડની માંગ વધી છે જેના કારણે ભાવ વધારો થયાનું વેપારીઓ બોલી રહ્યા છે. પેટ્રોલ, ડીઝલ, દૂધ, ખાદ્યતેલ અને હવે ખાંડમાં ભાવ વધારો ઝીંકાતાં સામાન્ય પરિવારોનું બજેટ ખોરવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# અરવલ્લીની ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સરપંચ અનામત રોસ્ટર જાહેર

## અનેક ગામડામાં અનામત સીટ સામે દેખાયો રોષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

મુદત પૂર્ણ કરતી જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાઓમાં ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાવવાની હોવાથી અત્યારથી જ ગ્રામ્ય રાજકારણ ગરમાયું છે ત્યારે રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી, કલેક્ટર અરવલ્લી દ્વારા ગ્રામ પંચાયતોની વસતી તેમજ અનામત જાતિના લોકોની વસતીને ધ્યાને રાખી અનામત બેઠકોનું રોસ્ટર જાહેર કરાતાં તમામ ૬ તાલુકાઓમાંના કેટલાક ગામડાઓમાં અનામત સીટ સામે રોષ જોવા મળ્યો છે.

ધારાસભ્ય કરતાં પણ ગ્રામ પંચાયતના સરપંચનું મહત્વ વધુ છે. અનેક ગામડાઓના યુવાનો હવે પોતાના ગામના વિકાસ માટે વિચારતા થયા છે જેથી પાછલા ૬૫ વર્ષમાં જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોમાં યુવાઓ સરપંચ પદે બિરાજમાન થયા છે. રાજ્ય સરકાર તેમજ નાણાપંચની અઢળક ગ્રાન્ટો આવતી હોવાથી ગામડાઓમાં શહેર સમકક્ષ સુવિધાઓ ઉભી થવા લાગી છે. બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા, મેઘરજ અને ભિલોડા તાલુકાની મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજવાની ક્વાયત ધીરે ધીરે શરૂ થઈ રહી છે. વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં ગ્રામ પંચાયતની ચૂંટણીને વિધાનસભાના સેમીફાઈનલ જંગ તરીકે જોવામાં આવે છે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કોઈ રાજકીય પક્ષના ચિન્હ ઉપર ઉમેદવારો ચૂંટણી લડતા નથી પરંતુ કયા પક્ષના કાર્યકર છે તેના આધારે કયા પક્ષે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મેદાન માર્યું તેનું ગણિત માંડવું આસાન થઈ જાય છે. ચૂંટણી નજીકમાં છે ત્યારે સરપંચ અનામત રોસ્ટર જાહેર થતાં જ અનેક ગામોમાં સીટ અનામત આવતાં રોષ જોવા મળી રહ્યો છે અને આ અંગે ચૂંટણી આયોગને કેટલાક ગામડામાંથી રજૂઆત શરૂ થઈ શકે છે.

**મોડાસા તાલુકાની સરપંચ બેઠકોની અનામત..**

| સરપંચની બેઠકનો પ્રકાર | સ્ત્રી | સામાન્ય | કુલ |
|---|---|---|---|
| અનુ.જાતિની મળવાપાત્ર બેઠક | ૩ | ૩ | ૬ |
| અનુ.આદિજાતિની મળવાપાત્ર બેઠક | ૧ | ૧ | ૨ |
| બક્ષીપંચ | ૩ | ૩ | ૬ |
| સામાન્ય બેઠકો | ૨૩ | ૨૨ | ૪૫ |

### આઝાદીના અમૃત પર્વની અનોખી ઉજવણી

# અરજણવાવના ૫૧ યુવાનોએ જીમનો શુભારંભ કર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

રાષ્ટ્રના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંપન્ન થઈ. દેશને આઝાદી



મળે ૭૫મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે સમગ્ર દેશમાં આઝાદીના અમૃત પર્વની ઉજવણીની શરૂઆત થઈ છે ત્યારે બાયડ તાલુકાના અરજણવાવ ગામના ૫૧ યુવાનોએ ભેગા મળી ગામમાં હેલ્થ કલબ શરૂ કરી છે તેનો મુખ્ય હેતુ એ છે કે શારીરિક, માનસિક, બૌદ્ધિક સ્તરે યુવાનો શ્રેષ્ઠ બની રાષ્ટ્રના નિર્માણ માટે સહાયભૂત થાય.

આજનું યુવાધન વ્યસનોના રવાડે ચઢ્યું છે. મોબાઈલના વધુ પડતા ઉપયોગથી યુવાનો વધુ જીદ્દી બની ગયાના તારણો બહાર આવ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અરજણવાવ ગામના યુવાનોએ જિલ્લા અને રાજ્યના યુવાનોને એક નવો રાહ ચિંધ્યો છે. બાયડના ગાયત્રી શક્તિપીઠ સંચાલિત ત્રિપદા પ્રા.શાળાના આચાર્ય અને ગામના વતની પંકજ પટેલના મનમાં વિચાર આવ્યો કે યુવાઓમાં રહેલી શ્રેષ્ઠતાને કેવી રીતે બહાર લાવવી તેમને પોતાના ગામમાંથી જ તા.૧૫ ઑગષ્ટથી તે નિર્ણયની અમલવારી કરી જણાવ્યું કે મનુષ્ય ટાંકણી થી માંડી તલવાર સુધી, જમ્બોજેટ પ્લેન સુધી અનેકવિધ ક્ષેત્રે હરણફાળ ભરી નવી શોધ કરી રહ્યા છે. જેમાં મનુષ્યએ અનેક સંશાધનોનો ઉપયોગ કરી જીવનને ઉત્તમ બનાવવાના બનતા તમામ પ્રયાસ કર્યા છે. પરંતુ સાચા અર્થમાં સૌથી મોટું સંશોધન એ મનુષ્ય પોતે છે. મનુષ્ય જીવન ઉત્કૃષ્ઠ બનાવવા માટે આપણે શારીરિક, માનસિક, બૌદ્ધિક સ્તર ઉપર જાગ્રત રહેવું જોઈએ પરંતુ મનુષ્યએ પોતે ક્યારેય પોતાના શરીર માટે વિશેષ સમય ફાળવ્યો નથી. પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે આપણે જાગૃત રહેવું એ સમયની માંગ અને અનિવાર્યતા છે. આવા ઉદ્દેશ્ય સાથે માત્ર સામાન્ય વાર્તાલાપમાં અરજણવાવ ગામના તમામ યુવાનોએ ભેગા મળી નિયમિત યોગ, પ્રાણાયામ, વ્યાયામ તેમજ આધુનિક જીમનો તેમાં સમન્વય કરતાં ૧૫ ઑગષ્ટથી બજરંગ જીમની યુવાનોએ શરૂઆત કરી છે.

# સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ઇડર શાખાનું લોકાર્પણ

## રાજ્ય સહકારી બેંકના ચેરમેન અજય પટેલ સહિત મહાનુભવો ઉપસ્થિત રહ્યા

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેક્ર ના ઈડર શાખા નું અદ્યતન સુવિધા યુક્ત નવીન મકાનનું લોકાર્પણ રાજ્યના સહકાર, યુવા રમત ગમત અને વાહન વ્યવહાર મંત્રી ઈશ્રવર સિંહ



ટી.પટેલના હસ્તે કરવામાં આવ્યું.

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેક્રની ઈડર શાખા વર્ષોથી ભાડાના મકાનમાં તેમજ બજારમાં ટ્રાફિકની સમસ્યાની વર્ષોથી સમસ્યા હતી જેને લઈને ઈડર હિંમતનગર હાઈવે પર સહકારી જિન, ઈડરના પરિસરમાં અદ્યતન સુવિદ્યા યુક્ત અને ટ્રાફિક સમસ્યા વગરનું નવું મકાનના લોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રી ઈશ્વર સિંહ પટેલ, ગુજરાત સહકારી બેંકના ચેરમેન અજય પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, ઈડરના પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરા, સાંસદ સભ્ય દીપસિંહ રાઠોડ, રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારા, ઈડરના ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા, સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન જેઠાભાઈ પટેલ, ઈડર સહકારી જિનના ચેરમેન પ્રકાશભાઈ પટેલ, જિલ્લા દિવેલા સંઘ ચેરમેન અશોકભાઈ પટેલ, જિલ્લા ખેતી બેક્રના ચેરમેન ફલજી પટેલ, બેંકના વાઈસ ચેરમેન અને એમ.ડી., ડિરેક્ટરશ્રીઓ અને મોટી સંખ્યામાં તાલુકાના ખેડૂતો, અગ્રણીઓ, સહકારી આગેવાનો, ભાજપ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સેવા અને સહકારીતાની ભાવનાથી ખેડૂતોની સમૃધ્ધિનાં દ્વાર ખુલ્યાં છે

## ખેડબ્રહ્મા ખાતે નવિન માર્કેટયાર્ડ તથા ઇડરમાં બેંકની નવિન શાખાના ભવનનું લોકાપર્ણ કરાયું

બાયડ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે નવનિર્મિત માર્કેટયાર્ડ તથા ઈડર સહકારી બેંકના નવિન મકાનનું લોકાપર્ણ સહકારી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા ખાતે રૂ. ૪૩૩થી વધુ લાખના ખર્ચે તૈયાર થયેલા માર્કેટયાર્ડનું લોકાપર્ણ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના થકી રાજ્ય સરકાર કૃષિ પેદાશોને સંગ્રહિત કરવાના અધતન મકાન બનાવવા સહાય આપે છે. જે અંતર્ગત ખેડબ્રહ્મા ખાતે આજે અંત્યત સુવિધાજનક ભવન બનાવવાનું શક્ય બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર માત્ર ભવનો જ બનાવતી નથી પરંતુ ખેડૂતોને તેમના તૈયાર થયેલા પાકનો પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરી તેના મોંઘા મોલનો સાચો ભાવ પણ આપે છે. મંત્રીશ્રીએ સાત પગલા ખેડૂત કલ્યાણની યોજનાની વાત કરતા ઉમેર્યુ હતું કે, ટ્રેક્ટર, રોટાવેટર સહિત ખેતીકીય ઓજાર ખરીદવાથી માંડીને તેમણે ખેતરમાં વાવેલા પાકને બજાર સુધી લઈ જવા સાધન સહાય સહિત ગોડાઉન બનાવવાની સહાય રાજ્ય સરકાર પુરી પાડી રહી છે. તેમણે કૃષિક્ષેત્રે આવેલા આમૂલ પરીવર્તનની વાત કરતા કહ્યુ હતુ કે, રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરી જેથી ખેડૂતો વૈજ્ઞાનિક અભિગમથી ખેતી કરતા થયા, ખેડૂતોને સર્ટીસફાઈડ બિયારણ અને ખાતર મળતા તેમના પાકના ઉત્પાદતામાં વધારો થયો અગાઉ કૃષિ વિકાસ દર ૧૫હજાર કરોડ હતો જે આજે વધીને એક લાખ ૫૦ હજાર કરોડ સુધી પંહોચ્યો છે.




મંત્રીશ્રીએ રૂ. ૨.૩૦ કરોડના ખર્ચે ઈડર ખાતે તૈયાર થયેલ સાબરકાંઠા બેંકની નવિન શાખાનું લોકાપર્ણ કરતા કહ્યુ હતું કે, ખેડૂતોની નાના-નાની મૂડીને જતન કરવાનું ગામડાની આવી સહકારી બેંકો કરી રહી છે. ખેડૂતો અગાઉ શાહુકારો પાસેથી વ્યાજે નાણા લઈ વ્યાજના ખપ્પરમાં ખૂંપી જતા હતા તેમનો હાથ પકડી તેમણે આ વ્યાજના ચકકરમાંથી બહાર લાવવાનું કામ કર્યુ. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂત કલ્યાણકારી યોજનાથી તેમને આજે તેમને વગર વ્યાજે પાક ધિરાણ આપવામાં આવે છે. આઝાદીના સમયગાળાથી સહકારી પ્રવૃતિ કાર્યરત છે. અમૂલ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સેવા અને સહકારના સુલભ સમન્વયથી ખેડૂતો માટે સમૃધ્ધિના નવા દ્વાર ખુલ્યા છે. આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, અગાઉ ખેડૂતોને પોતાના હક્ક માટે આંદોલન કરવા પડતા હતા જયારે આજે ખેડૂતોને વગર માંગે તેમના ખાતામાં કિસાન સન્માન નિધી દ્વારા વાર્ષિક રૂ. ૬ હજારની સહાય આપવામાં આવે છે. આજે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ દેશના ૪૦ કરોડ લોકોને આવરી લેવાયા છે. ખેડૂતો માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકીને ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવાની દિશામાં રાજ્ય સરકારે અનોખી પહેલ કરી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયસભાના સાંસદ શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાકાળમાં મહિલાઓ આર્થિક રીતે પગભર બની રહે તે માટે મહિલા ઉત્કર્ષ યોજના શરૂ કરીને વગર જામીને રૂ. એક લાખની સહાય પુરી પાડવામાં આવી છે.

ઈડરની નવિન શાખાના લોકાપર્ણ પ્રસંગે સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની ૧૮ સહકારી બેંકો પૈકી સાબરકાંઠા જિલ્લા બેંક શ્રેષ્ઠ છે. સાબરકાંઠા બેંકે ખેડૂતો સાથે નાતો જોડવાનું કામ કર્યુ છે. બેંકે માઈક્રોમેનેજમેન્ટ થકી વચેટીયાઓની પ્રથા દૂર થઈ છે. ચેરમેન દ્વારા બેંકમાં લોકલ ડિપોઝીટ વધારવાની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં શાખા વધારવાનું કામ કર્યુ છે. આજે વિશ્વના ૧૦૮ દેશો સહકારી ભાવના સાથે કામ કરી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતું.